પ્ર.જ.બો.ઠ.નં. ૨૮

જેતપુર નવાગઢ નગરપાલિકા,
'નગર સેવા સદન ' જેતપુર.
તા. ૨૬/૦૭/૨૦૧૮

: : સામાન્ય સભા : :

: ઠરાવ :

તા. ૨૬/૦૭/૨૦૧૮ ની સામાન્યસભાના એજન્ડાની કલમ ૧૭ અન્વયે શ્રી મહેશભાઈ ડોબરીયાની શ્રી ચંદ્રેશભાઈ વીછી ના ટેકાવાળી દરખાસ્ત રજુ થઈ કે,

સેની.જા.નં. ૨૪૧ તા. ૭/૭/૨૦૧૮ ના રિપોર્ટ અન્વયે ચર્ચા કરતા ચર્ચા અંતે દરખાસ્ત છે કે,

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ અંતર્ગત પેટા નિયમો મંજુર કરવા બાબતે પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના જાહેરનામા ૮ એપ્રિલ – ૨૦૧૬, કારોબારી કમીટી ઠરાવ નં.૫ તા.૧૯/૪/૨૦૧૭ તથા જ.બો.ઠ.નં. ૧૨ તા.૨૯/૭/૨૦૧૭ અન્વયેના પ્રકરણે વિસ્તૃત ચર્ચા કરતા ચર્ચા અંતે નકકી કરવામાં આવે છે કે,

જેતપુર નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ અંતર્ગત નિયમો મંજુર થયેલ ન હોય, શહેર વિસ્તારમાં ગંદકી ફેલાવનાર આસામી પાસેથી વહીવટી ચાર્જ પેટે મ્યુ.જ.બો.ઠ.નં. ૨૦૨ તા.૩૧/૧/૨૦૧૫ મુજબ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે. આ વસુલ કરવામાં આવતો ચાર્જ શિક્ષા રૂપે વસુલ કરવામાં આવે છે. ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના જાહેરનામા ૮ એપ્રિલ–૨૦૧૬ થી ઘનકચરાના નિયમો મંજુર કરવામાં આવેલ છે તથા આ નિયમો સમય મર્યાદામાં અમલમાં લેવા માટે વિડીયો કોન્ફરન્સમાં સુચના થયેલ છે. કારોબારી કમીટી ઠરાવ નં.૧૨ તા.૨૯/૭/૨૦૧૮ થી થયેલ ઠરાવ નિર્ણય અનુસાર જેતપુર નવાગઢ નગરપાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ તથા વહીવટી ચાર્જ નકકી કરી મંજુર થવા જ.બો. માં નિર્ણય અર્થે મુકવામાં આવેલ. જ.બો.ઠ.નં. ૧૨ તા.૨૯/૭/૨૦૧૭ ના ઠરાવ નિર્ણય અનુસાર ઉકત પ્રકરણે નગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર ઘન કચરા કલેકશન માટે લીલા તથા વાદળી કલરના ડબા પુરા પાડવાના હોય તે પુરા પાડેલ ન હોય, તથા ખરાબ થઈ ગયેલ રોડ રસ્તાઓની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી પેન્ડીંગ રાખવામાં આવેલ. સેની. જા.નં. ૨૪૧ તા.૭/૭/૨૦૧૮ ના રિપોર્ટથી સેની.ઈન્સ.ના જણાવ્યા અનુસાર હાલ શહેરનાં ૭૦ થી ૮૦ વિસ્તારમાં અંદાજીત ૨૦ હજાર જેટલા ગ્રીન તથા બ્લ્યુ ડસ્ટ બીનનું ફ્રીમાં વિતરણ કરવામાં આવેલ હોય તથા સરકારશ્રીની સુચના મુજબ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ અંતર્ગત પેટા નિયમો મંજુર કરવા આવશ્યક હોય આ સાથે સામેલ પત્રક મુજબના ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૧૬ અંતર્ગત પેટા નિયમો તથા વહીવટી ચાર્જ મંજુર કરવા અમારી દરખાસ્ત છે.

ઉપરોકત દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામા આવે છે. આ ઠરાવ મુજબ અમલ કરવો, સબંધિતોને જાણ કરવી.

પ્રમુખ
જેતપુર નવાગઢ નગરપાલિકા

નકલ – જયભારત સાથ જાણ અર્થે રવાના :–

૧. પ્રાદેશિક કમિશ્નરશ્રી (નગરપાલિકાઓ),રાજકોટ ઝોન, રાજકોટ.

નકલ :– સેની ... શાખા,ઓડીટ શાખા, મુખ્ય શાખા, ઠરાવ ફાઈલે

# જેતપુર નવાગઢ નગરપાલિકા પેટા નિયમો

ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાયલના જાહેરનામા ૮ એપ્રીલ–૨૦૧૬ થી ઘન કચરાના નિયમો–૨૦૧૬ મંજુર કરવામાં આવેલ છે.

આ નિયમો ઘનકચરા વ્યવસ્થાપન નિયમો–૨૦૧૬ કહેવાશે.

આ નિયમો અંતર્ગત જેતપુર નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં ગંદકી કરતા આમામિઓ પાસેથી વહિવટી ચાર્જ વસુલવા અંગેના બાઈલોજ બનાવવામાં આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન તેમજ ઘન કચરા નિયમો અન્વયે જાહેર જગ્યાઓમાં તથા જાહેર રસ્તા શેરી, ગલીઓમાં કચરો ફેકવા તથા કોઈપણ પ્રકારની ગંદકી કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ઘન કચરાના નિયમો–૨૦૧૬ નો અમલ નહિ કરવા અંગે ૧ દિવસ નો વહિવટી ચાર્જ નીચે મુજબની વિગતે વસુલ કરવાનો થાય.

| ક્રમ | વિગત | રહેણાક માટે પ્રતિ દિવસનો વહિવટી ચાર્જ રૂા. | બિન રહેણાક માટે પ્રતિ દિવસનો વહિવટી ચાર્જ રૂા. |
|---|---|---|---|
| ૧ | જાહેરમાં કચરો ફેંકવા, ગંદકી કરવા અંગે, જાહેરમાં પાણીની બોટલો, પ્રવાહીની શીશીઓ,ઠંડા પાણીની કેન, ટ્રીપેક ફળની છાલો , રેપર, ફાકીનુ પ્લાસ્ટીક, પાણીના પાઉચ ફેંકી ગંદકી કરવા અંગે. | ૧૦૦/- | ૨૫૦/- |
| ૨ | કચરો અલગ અલગ ત્રણ કલરના ડબ્બામાં એકત્ર કરવો, ભીનો કચરો લીલા કલરના ડબ્બામાં, સુકો કચરો સફેદ કલરના ડબ્બામાં આ સીવાય અન્ય કચરો કાળા કલરના ડબ્બામાં એકત્ર કરવો | ૨૦૦/- | - |
| ૩ | સુકો કચરો, પાંદડાઓ, પ્લાસ્ટીક, જુના કપડા ગાભા, કાગળ, પુઠા, વિગેરે, કચરો સળગાવાની મનાઈ છે. જો વ્યકિત સળગાવે તેની પાસે થી | ૧૦૦/- | ૨૦૦/- |
| ૪ | બાંધકામના કચરાને કન્ટ્રકશન અને ડેમોલેશનનો કાટમાળ , ધુળ, પથ્થર વિગેરે ઘન કચરાના કન્ટેનર કે ખુલ્લા પોઈન્ટ ઉપર નાખવો નહી નાખનાર પાસે થી | ૫૦૦/- | ૧૦૦૦/- |
| ૫ | હોટલો, રેસ્ટોરન્ટો, કોમ્યુનીટી હોલ, જ્ઞાતીની વાડી, વિગેરેમાં કચરા પેટી ન રાખવા સબબ, જે તે સંસ્થા પાસેથી વહીવટી ચાર્જ તથા સુકા ભીના કચરા અલગ રાખવા ની વ્યવસ્થા ન હોય તેનો પાસેથી | - | ૫૦૦/- |
| ૬ | ઓપન ગટરોમાં ઘન કચરો નાખી પાણી વહેતુ બંધ કરવા સબબ શિક્ષા દંડ | ૨૦૦/- | ૫૦૦/- |
| ૭ | નિયમ–૪(૨)ની જોગવાઈ મુજબ ૧૦૦થી વધુ વ્યકિતઓની સંખ્યાનો મેળાવળો યોજનારે ન.પા.ની લેખીત પરવાનગી ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા મેળવવાની રહે છે. આ મેળાવળામાં ઘન કચરાનો ગ્રીન, સફેદ, અને કાળા પાત્રોથી અલગ અલગ એકત્ર કરવનો રહેશે, આ એકત્ર કરાયેલ ઘન કચરાન નિકાલ સંચાલકે | ૧૦૦૦/- | |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | કરવાનો રહેશે અને જો નગરપાલિકા આ કામ કરશે તો ખર્ચ નગરપાલિકાને આપવાનો થાય છે. આ નિયમ મુજબ અમલવારી ન કરે તેમની પાસે થી ઘનકચરા નિકાલના ખર્ચ ઉપરાંત વધારાનો દિ–૧ નો વહિવટી ચાર્જ વસુલવો. | |
| ૮ | એપાર્ટમેન્ટ, સોસાયટીઓ, પાર્ક, માર્કેટીંગ યાર્ડના સંચાલકોએ ઘન કચરાના સેગ્રીગેશનની વ્યવસ્થા કરવાની રહે છે. તેની અમલવારી નહી કરવા સબબ દંડ શિક્ષા થશે. | ૫૦૦/- |
| ૯ | દરેક ફેરીયાઓએ તેમના કામકાજ દરમ્યાન ઉત્પન્ન થતો કચરો, જેવો કે, ખાદ્ય સામગ્રી, નાશ પાત્ર પ્લેટો, કપ, ડબ્બાઓ નારીયેલના ત્રોફા, એઠવાડ, શાકભાજી ફળોનો કચરો વિગેરે એકત્ર કરવા, પીપળાઓ રાખશે, તેનો અમલ નહી કરવા સબબ શીક્ષા | ૫૦૦/- |
| ૧૦ | કચરો ઉત્પન્ન કરનાર કોઈ પણ તેમના ઉત્પન્ન કરેલ કચરાને શેરીમાં, ખુલ્લા સાર્વજનીક સ્થળો, ગટરમાં, તળાવમાં ફેંકશે નહી, બાળશે નહી, દાટશે નહી, તેનો અમલ નહી કરવા સબબ શિક્ષા | ૫૦૦/- |
| ૧૧ | અ નિયમો પ્રસિધ્ધ થયાની એક વર્ષની અંદર ૫૦૦૦ ચો.મી. થી વધારે વિસ્તાર વાળા પ્રવેશ દ્વાર આસપાસની તમામ વસવાટો અને સંસ્થાઓનો સ્થાનિક સ્વરાજયની સંસ્થા સાથે ભાગીદારીમાં આ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે કચરો કરનારે કચરાનુ સ્થળ ઉપર જ વર્ગીકરણ કરશે વર્ગીકૃત કરેલ કચરાને અલગ અલગ પાત્રોમાં એકઠો કરવમાં સુગમતા કરવી અને પુનઃપ્રાપ્ત કરનારને સોપવાનું સુનિશ્ચિત કરવુ, જૈવિક અધઃપાતી કચરો શકય હોય ત્યા સુધી મકાનની અંદર પ્રક્રિયા માવજત અથવા સેન્દ્રીયકરણ કરીને અથવા જૈવિક મિથેનીકરણ મારફત નિકાલ કરશે શેષ કચરો સ્થાનિક સ્વરાજયના નિર્દેશ મુજબ કચરો એકઠો કરનાર અથવા એજન્સીને આપશે, તેનો અમલ ન કરવા સબબ દંડ દિ.–૧ નો | ૫૦૦/- |
| ૧૨ | મોટા રહેણાંક મકાનો જેવા કે, હોટેલો,રેસ્ટોરન્ટો, હોસ્ટેલો, ફ્લેટ્સ, હાઉસીંગ સાસાયટી, કોમ્યુનીટી હોલ,જ્ઞાતીની વાડી, પાર્ક વિગેરેમાં પેદા થતા કિચન પ્લાન્ટેશ, ગાર્ડન વેસ્ટના ડીસ્પોઝલ માટે ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન લગાડવાનુ ફરજીયાત છે. તેનો અમલ નહી કરવા સબબ જે તે સંસ્થાના સંચાલકને દંડ શિક્ષા કરવા સબબ, નગરમાં આવેલ બધી હોટલ અને રેસ્ટોરન્ટો એ ઘન કચરાનો સ્થળ ઉપર જ વર્ગીકરણ કરવો, વર્ગીકૃત કચરાને અલગ અલગ પાત્રોમાં એકઠો કરવો, આ અંગે અમલવારી ન કરવા અંગે દંડ કરવામાં આવશે. | ૧૦૦૦/- |
| ૧૩ | હોટલો, રેસ્ટોરન્ટો, કોમ્યુનીટી હોલ, જ્ઞાતીની વાડી વિગેરેનો એઠવાડ નગરપાલિકાની કચરા પેટી કે જાહેર જગ્યામાં નાખવા સબબ દંડ | ૫૦૦/- |
| ૧૪ | ડીસ્પેન્સરી લેબોરેટરી, જનરલ પ્રેકટીસનર્સ, ફીઝીશીયન, પેથોલોજીક લેબોરેટરી, વિગેરેમાં લીલા કલરના ડબ્બામાં કચરો એકત્ર કરવામાં ન આવે તો શિક્ષા. | ૨૦૦/- |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૫ | હોસ્પીટલો(સર્જીકલ હોસ્પીટલો અને ઈનડોર પેશન્ટ વાળા દવાખાનાઓ) મા કચરો એકત્ર કરવા લીલા કલરનો ડબ્બો ન રાખવા સબબ દંડ | ૩૦૦/- |
| ૧૬ | ડીસ્પેન્સલ લેબોરેટરી જનરલ પ્રેકટીસનર્સ, ફીઝીશીયન પેથોલોજીકલ લેબોરેટરી, હોસ્પીટલ, સર્જીકલ હોસ્પીટલ, અને ઈનડોર પેશન્ટ વાળા, દવાખાનાઓ દ્વારા બાયો મેડીકલ વેસ્ટ નગરપાલિકાની કચરાપેટી કે ખુલ્લા પોઈન્ટમાં નાખવામાં આવેતો હોસ્પીટલના સંચાલકને દંડ | ૨૦૦૦/- |
| ૧૭ | સુકો કચરો સળગાવવમાં આવેતો સફાઈ કામદાર તેમજ જે તે વોર્ડના પટાવાળા ને શિક્ષા | ૫૦૦/- |
| ૧૮ | નગર વિસ્તારના વોકળાઓમાં કચરો નાખી ગંદકી કરવમાં આવે તો. | ૫૦૦/- |

ચેરમેન
કારોબારી સમિતિ
જેતપુર નવાગઢ નગરપાલીકા

Scanned by CamScanner